ગાંધીનગર સમાચાર
તા. ૬-૫-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

હાઈ પ્રોફાઈલ બેઠકો પર ઘમસાણ

ચૂંટણીના આઠમા તબક્કામાં જે ૬૪ બેઠકો પર મતદાન થનાર છે એનો પ્રચાર થંભી જાય ત્યાં સુધી મુખ્ય રાજનેતાઓના ધમપછાડા ચાલુ રહ્યા છે. લખનૌ અને રાયબરેલીની બેઠકો પર ચૂંટણી પતી ગયા પછી હવે જે હાઈ પ્રોફાઈલ બેઠકો બાકી રહી છે એમાં મુખ્ય છે રાહુલ ગાંધીની અમેઠી બેઠક, મોદી, કેજરીવાલ અને કોંગ્રેસના બાહુબલી ઉમેદવાર અજય રાય વારાણસી બેઠક પર ટકરાઈ રહ્યા છે, જે ચૂંટણીના છેલ્લા અને નવમા તબક્કામાં તા. ૧૨ મેના રોજ યોજાનાર છે. અત્યાર સુધી સામાન્ય રાજનેતાઓ અને મુખ્ય રાજકીય પક્ષોના ટોચના આગેવાનો એમની બેઠકો પર સહેલાઈથી જીત મેળવી લેતા હોય છે. પ્રતિસ્પર્ધી પક્ષો વચ્ચે પણ એક વણલખી સમજૂતી ચાલતી રહી છે. દાખલા તરીકે સમાજવાદી પાર્ટી રાયબરેલી અને અમેઠી બેઠક પર પોતાનો ઉમેદવાર જ ઉતારતી નથી. એ જાણે છે કે આ બંને બેઠકો નહેરુ ગાંધી પરિવારનાં સભ્યો જીતી જશે અને એમને નાહક નડવાનું નાટક કરવાનો કોઈ અર્થ નથી. નરેન્દ્ર મોદીના હાથમાં ભાજપનું સુકાન આવી ગયા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. રાજનાથસિંહ તો નામના જ પ્રમુખ રહી ગયા છે. મોદીએ મા-દીકરાને એમની પરંપરાગત બેઠકો પર વ્યવસ્ત રાખવાની વ્યૂહરચના ગોઠવી છે. રાહુલ ગાંધી સામે આમ આદમી પાર્ટીના કુમાર વિશ્વાસે તો ચાર મહિનાથી અમેઠી મતવિસ્તારમાં ધામા નાખેલા જ છે, પરંતુ ભાજપે આ બેઠક પર ટીવી પડદાની વહુ તરીકે જાણીતી અભિનેત્રી સ્મૃતિ ઈરાનીને ઉતારીને જરા જુદી ભાતનો પડકાર ઊભો કરવા પ્રયાસ કર્યો છે. મોદીએ આઠમા તબક્કાની ચૂંટણીની પ્રચારસભાઓમાં ફૈઝાબાદ (અયોધ્યા) બેઠકની ચૂંટણીમાં મંચ પર જ ભગવાન શ્રી રામચંદ્રની છબી તથા પ્રસ્તાવિત રામમંદિરના મોડેલને મુકાવી હિંદુમતોના ધ્રુવીકરણનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. વારાણસી બેઠક પસંદ કરવા પાછળ પણ આ ઉદ્દેશ જ દૃષ્ટિગોચર થતો રહ્યો છે. એમણે વારાણસીને વિશ્વની આધ્યાત્મિક રાજધાની તરીકે વિકસાવવાનું વચન આપ્યું છે. વળી 'હું અહીં જાતે નથી આવ્યો કે કોઈએ મને મોકલી નથી આપ્યો- મને તો ગંગાજીએ તેડાવ્યો છે-' એ પ્રકારનું નિવેદન કરીને એમણે પોતાનો અસલી મિજાજ ઉજાગર કરી જ દીધો છે. આમ છતાં, વારાણસીની બેઠક મોદી માટે તેઓ ધારે છે એટલી સલામત નથી. અયોધ્યામાં રામમંદિર પછી 'કાશી-મથુરા બાકી હૈ।' નો નારો છેલ્લા કેટલાંક વર્ષોથી શાંત પડી ગયો હતો તે ફરી એકવાર આડકતરી રીતે વિકાસના રૂપકડા પૅકેટમાં મોદી મુખે બુલંદ બની રહ્યો છે. પરંતુ આ જ મુદ્દે મોદી સામે દ્વારકાપીઠના શંકરાચાર્ય અને પુરીના શંકરાચાર્ય ખુલ્લંખુલ્લો વિરોધ નોંધાવી રહ્યા છે. દંડી સ્વામીઓએ મોદીની તરફેણમાં ઝુકાવ્યું છે અને એમની સામે મોટા ભાગના મુસ્લિમ ધર્મગુરુઓ (જેમાં મોદીએ સદ્‌ભાવના મિશન દરમિયાન જેમની પાસેથી ટોપી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો તે ગુજરાતના મૌલવી પણ સામેલ છે) મેદાનમાં આવી ગયા છે. વારાણસીના કોંગ્રેસના ઉમેદવાર અજય રાય ભૂમિહાર છે, એમને બાહુબલી મુખ્તાર અંસારીનું સમર્થન સાંપડતાં તેઓ રાતોરાત ચિત્રમાં આવી ગયા છે. મોદીને ફાયદો હોય તો એટલો કે આ બેઠક પર કેજરીવાલ, માયાવતી અને મુલાયમસિંહ મુસ્લિમ મતબેંકમાં ખાસ્સો ભાગ પડાવી શકે એમ છે. કેજરીવાલ અને અજય રાય બેઉ મોદીને ભારે ટક્કર આપી રહ્યા છે. જેમાં કોંગ્રેસના અજયરાય સ્થાનિક ઉમેદવાર હોઈ મોદીને ભારે પડી શકે એમ છે. અમેઠીમાં રાહુલને હરાવવા મુશ્કેલ છે, પરંતુ ત્યાં પ્રિયંકા ગાંધીને કૅમ્પ ખોલીને અહર્નિશ પરિશ્રમ કરવો પડે એવી સ્થિતિ તો કુમાર વિશ્વાસ અને સ્મૃતિ ઈરાનીએ ઊભી કરી જ દીધી છે. રાહુલને અમેઠી પોતાના પરિવારના સભ્ય ગણે છે, એટલે ફક્ત ચૂંટણી પૂરતાં ઊડતી મુલાકાતે આવેલાં સ્મૃતિ ઈરાની માટે નરેન્દ્ર મોદી ગમે તેટલા પ્રચાર કરે તો પણ રાહુલને ઊની આંચ આવે એમ નથી. અલબત્ત, દેશની બેઉ હાઈ પ્રોફાઈલ બેઠકોના સ્ટાર-ઉમેદવારોના હૈયે અજંપો રહ્યા કરશે, અને છેક સોળમી મેના દિવસે એમના ટેન્શનનો જવાબ મળશે- એટલું નક્કી!

ગાંધીનગરમાં જ્ઞાનની અદ્‌ભૂત પરબ એટલે પુસ્તક પરબ'

દર મહિનાના પહેલા રવિવારે ઘ-૪ સર્કલ પર પુસ્તક પરબ યોજાય છે : સાહિત્ય-જ્ઞાન વર્ધન અને સંસ્કાર સિંચન માટે વિના મૂલ્યે પુસ્તકો આપવાનુ પ્રસંશનીય સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ગુજરાત રાજ્યનું પાટનગર હોવા ઉપરાંત હવે ધીમે ધીમે સાહિત્યનગરી તરીકે પણ તેની ઓળખ મજબૂત કરતુ જાય છે. જેના નામ પરથી આ શહેરનું નામ પડ્યું છે તેવા ગાંધીજીએ પુસ્તકોને માનવ જીવનના શ્રેષ્ઠ મિત્રો કહ્યા છે અને આ ગાંધીનગરમાં ગાંધીજીના શબ્દોને ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ એક પ્રવૃત્તિ દર મહિનાના પહેલા રવિવારે કરવામાં આવે છે. નગરની સંસ્થા આત્મન ફાઉન્ડેશન અને અમદાવાદના માતૃભાષા અભિયાન દ્વારા અનોખી પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેમાં પુસ્તક રસિકોને વિના મૂલ્યે પુસ્તકો આપવામાં આવે છે.

અત્યાર સુધી 'પરબ' શબ્દ સાંભળીએ એટલે તરસ્યાજનોની તૃષા મીટાવવા દાનવીર લોકો દ્વારા યોજાતી પાણીની પરબ જ યાદ આવે પરંતુ ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી 'પરબ' શબ્દ એ જ્ઞાનની પરબ માટે પણ વપરાવા લાગ્યો છે. આત્મન્ ફાઉન્ડેશન અને માતૃભાષા અભિયાન દ્વારા સંયુક્ત પણે દર મહિનાના પહેલા રવિવારે ગાંધીનગરના ઘ-૪ સર્કલે આ પ્રકારની જ્ઞાનની પરબ યોજવામાં આવે છે જેને નામ આપવામાં આવ્યું છે 'પુસ્તકની પરબ' આ પુસ્તક પરબમાં લોકો પુસ્તકોને મિત્રો બનાવી વધુ ને વધુ સારા પુસ્તકો વાંચતા થાય તે માટે વિના મૂલ્યે પુસ્તકો આપવામાં આવે છે. પુસ્તક પરબ પરથી ઘરે વાંચવા લઈ જવા માટે લોકોને પુસ્તકો લેવા બોલાવાય છે અને દરેકને જે જોઈએ તે પુસ્તકો ઉપરાંત મેંગેઝીનો વગેરે મફત આપવામાં આવે છે. વળી આ આપેલા પુસ્તકો પાછા લેવા માટે પણ કોઈ જ આગ્રહ રાખવામાં આવતો નથી એટલે કે પુસ્તક વાંચીને પાછુ આપવુ ફરજિયાત નથી.

ગુજરાત સરકાર દ્વારા થોડા સમય પહેલા ખૂબ જ પ્રસંશનીય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેનુ નામ હતુ 'વાંચે ગુજરાત' પુસ્તક પરબના આયોજકોએ આ અભિયાનને જાણે આત્મસાત કરી લીધુ હોય તેમ લોકોને સારા પુસ્તકો વાંચવા અને સાહિત્ય પ્રત્યે રૂચિ વધારવાના પ્રયાસરૂપે ખૂબ જ સુંદર અને પ્રેરણારૂપ કાર્ય હાથ ધર્યુ છે. આ પુસ્તક પરબમાં ઘણા જ્ઞાન પિપાસુ લોકો યાદ રાખીને દર મહિનાના પહેલા રવિવારે પહોંચી જાય છે અને પોતાને વાંચવા ગમે તેવા પુસ્તકો ત્યાંથી મેળવી લે છે.

દેશમાં દિવસે ને દિવસે વધી રહેલી અતિશય મોંઘવારીમાં કાગળના ભાવોમાં ખૂબ વધારો થવાથી પુસ્તકો ઘણા મોંઘા થયા છે ત્યારે જે લોકોને પુસ્તકો ખરીદવા પોસાતા નથી પરંતુ પોતાના પરિવારજનોને સારા પુસ્તકો વાંચે તેવી ઈચ્છા હોય તેમણે હવે પુસ્તક પરબને કારણે અફસોસ કરવો પડતો નથી. ઘણા મા-બાપ પોતાના સંતાનને લઈને આ પુસ્તક પરબ પર પુસ્તક લેવા આવે છે અને સંતાનો સારા પુસ્તકો વાંચે જેથી તેમનામાં સારા સંસ્કારનું સિંચન થાય તે ઉપરાંત તેમનુ સામાન્ય જ્ઞાન પણ વધે તેવા લોકો માટે આ પુસ્તક પરબ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

આ પુસ્તક પરબમાં ધાર્મિક, સાહિત્યિક, અભ્યાસવિષયક, જ્ઞાનવર્ધક, રેસિપી અને મહિલા વિષયક સાહિત્યના પુસ્તકો જોવા મળે છે તેમજ અનેક પ્રકારના મેગેઝીન્સ પણ મળી રહે છે. જો કે આ પુસ્તક પરબમાં આપવામાં આવતા તમામ પુસ્તકો સંપૂર્ણપણે દાનથી મેળવવામાં આવતા હોઈ મોટેભાગે તેમાં જૂના મેગેઝીન્સ હોય છે. અથવા પુસ્તકોની જુની આવૃત્તિઓ હોયછે, કેટલાક પ્રખ્યાત દિવાળી અંકો પણ અહીંથી મળી રહે છે. પરંતુ જે લોકો પુસ્તક પહેલીવાર વાંચતા હોય તેમના માટે તો તે નવુ જ હોય છે. હમણા હમણાથી આ પુસ્તક પરબમાં ગાયત્રી પરિવાર દ્વારા પણ તેમના સાહિત્ય અને મેગેઝીન્સ પણ વિનામૂલ્યે આવી રહ્યા છે.

જે લોકો આ પુસ્તક પરબમાં પુસ્તક લેવા માટે આવે છે તેમને આયોજકો મીઠો આવકાર આપે છે અને ત્યાં ક્રમબદ્ધ રીતે ગોઠવેલા પુસ્તકોમાંથી જે પસંદ આવે તે પુસ્તક વાંચવા લઈ જવા અનુરોધ પણ કરવામાં આવે છે. આ ઉપરાંત લોકોને જો તેમના ઘરમાં વેચાઈ ગયેલા અને ઉપયોગ વિનાના પુસ્તકો કે મેગેઝીન્સ કે અન્ય સાહિત્ય પડ્યું હોય તો તે અહીં પુસ્તક પરબમાં દાન કરવા વિનંતી કરવામાં આવે છે જેથી તે પડી રહેલા જ્ઞાનનો કોઈકના દ્વારા સદ્‌ઉપયોગ થાય અને તેને પણ કોઈક વાંચી શકે.

(તસવીર : સમીર રામી)

જો કે પુસ્તક પરબનો આ ઉમદા પ્રયાસ હજુ પણ ભાંખોડીયા ભરી રહ્યો છે, કારણ કે આ પ્રકારની ઉત્તમ પ્રવૃત્તિને ઉત્તેજન મળે તે માટે વધુ ને વધુ લોકો પોતાના ઘરે વંચાઈ ચુકેલા પુસ્તકોનુ દાન આપે તે ખૂબ જરૂરી છે. મૂર્ધન્ય વિચારક ગુણવંત શાહના મત મુજબ જો પુસ્તક માત્ર બંધ કપાટમાં શોભા માટે પડી રહે તો તે બંધિયાર નાળાથી વિશેષ કાંઈ નથી, માટે પુસ્તકો એક હાથથી બીજા હાથે ફરતા રહે, વંચાતા રહે તે જ આ પ્રવૃત્તિનું હાર્દ છે અને કોઈપણ આર્થિક અક્ષમતાને કારણે જ્ઞાન મેળવવામાં કે સાહિત્યનું રસપાન કર્યા વગર ના રહી જાય અથવા તેમના સંતાનોમાં સારા પુસ્તકો વાંચવાની ટેવ પડે જેના થકી યોગ્ય સંસ્કાર સિંચન પણ થાય.

અરવિંદ સોસાયટી વડોદરા ખાતે અરવિંદના ગ્રંથોનો પરિચય આપતો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૫

શહેરીજનોને શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ગ્રંથોનો પરિચય આપતો સાત દિવસનો અભ્યાસ વર્ગ અરવિંદ નિવાસ વડોદરા ખાતે યોજવામાં આવશે.

વડોદરા ખાતે તા. ૨ જૂનથી તા. ૮ જુન સુધી શ્રી અરવિંદ નિવાસ કેન્દ્ર ખાતે સાત દિવસીય પરિચય શિબિર યોજવામાં આવશે. જેમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ગ્રંથોનો વિસ્તૃતમાં પરચિય કરાવાશે.

આ અભ્યાસ વર્ગમાં જોડાવા ઈચ્છુક નગરજનો માટે વડોદરા ખાતે સાત દિવસ રહેવા અને જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક અરવિંદ કેન્દ્ર દ્વારા કરવામાં આવી છે. તદ્‌ઉપરાંત ગાંધીનગરથી વડોદરા માટે આવનજાવનનું બસ ભાડુ પણ સંસ્કાર કેન્દ્ર દ્વારા આપવામાં આવશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક નગરજનોએ શહેરના સેક્ટર-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્રના ડૉ. સી.કે. તન્નાનો સંપર્ક કરવો.

હરિની દૃષ્ટિ...

ચિંતા જેવું નથી, દૂધનો નવો ભાવ સાંભળ્યો તેમાં થયું છે... ચૂંટણી પરિણામ પછી બીજી વસ્તુનાં ભાવ વધારા વીષે સાંભળશે એટલે બધુ બરાબર થઇ જશે...!!

જ્યપ્રકાશ વિદ્યાલયનું પરીણામ

જુનિયર કે.જી.	
ચૌધરી જૈવકુમાર ભરતભાઈ	૯૬.૨૫
શાહ ધ્રુપલ પ્રગ્નેશકુમાર	૮૮.૨૫
રબારી રૂષાન્ત રાજુભાઈ	૮૪.૭૫
સિનિયર કે.જી.	
પ્રજાપતિ રાહી વિષ્ણુભાઈ	૯૮.૦૫
રામી માનસી રજનીકાન્ત	૯૭.૦૫
સોલંકી વિશ્વાબેન દિપકકુમાર	૯૬.૦૦
ધોરણ-૧	
ચૌધરી જયશ્રી પરેશભાઈ	૯૭.૬૬
શાહ ક્રિપા અજીતભાઈ	૯૭.૩૩
ખત્રી ભક્તિ ચેતનભાઈ	૯૭.૦૦
ધોરણ-૨	
ખરાત માનસી નરેશભાઈ	૯૬.૬૬
પટેલ સ્મિત લાલાભાઈ	૩૬.૬૬
ચૌધરી પ્રવિણ પરેશભાઈ	૯૫.૦૦
ચાવડા કિસપાલસિંહ જીતેન્દ્રસિંહ	૯૪.૬૬
ધોરણ-૩	
શાહ જીનલ ગીરીશભાઈ	૯૫.૯૧
પટેલ કેતુલ શૈલેષકુમાર	૯૪.૯૧
પટેલ જૈવિન રાકેશકુમાર	૯૪.૫૮
ધોરણ-૪	
ચૌધરી હાર્મી ભરતકુમાર	૯૬.૦૮
પરમાર ધવલ મનુભાઈ	૯૬.૨૫
દરજી હેનિલ મિનેશકુમાર	૯૫.૦૫
ધોરણ-૫	
રબારી વિશાલ ઝવેરભાઈ	૯૬.૫૬
મિસ્ત્રી યશ યોગેશભાઈ	૯૪.૬૯
સોલંકી સુમન બળદેવભાઈ	૯૪.૦૬
ધોરણ-૬	
રબારી સોનલ કલ્યાણભાઈ	૯૨.૬૬
વાળા રિધ્ધી કલ્પેશભાઈ	૯૦.૪૪
ગોહિલ રાજેશ ભરતભાઈ	૮૪.૬૬
ધોરણ-૭	
ચૌધરી વિપલ પરેશભાઈ	૯૫.૩૩
પ્રજાપતિ જયકુમાર મહેશભાઈ	૯૩.૭૨
શાહ મયંક ગિરીશભાઈ	૯૩.૨૨
ધોરણ-૮	
અમીન રાજ વિનોદભાઈ	૯૬.૦૬
ચૌધરી ભાવિન સુરેશભાઈ	૯૩.૨૮
બિહોલા ઉર્વશીકુંવરબા દિલીપસિંહ	૯૦.૯૪
ધોરણ-૯	
ચૌધરી દિનેશભાઈ એચ.	૭૯.૨૯
ચૌધરી દશરથભાઈ બી.	૭૯.૦૦
ચૌધરી કૈલાસકુમાર કે.	૭૮.૧૪

ન મોક્ષ નભસે, ન પાતાલે, ન ભૂતલે, અજ્ઞાન હૃદયનાશો મોક્ષ ઈતિ અનુષ્યતે । મોક્ષ આકાશ પાતાળ કે પૃથ્વીપર ક્યાંય નથી

સંસ્કાર ચિંતન
- અનંત ન. વ્યાસ

'મોક્ષદ્વારે ધારપાલા: ચત્વાર: પરકીર્તિતા: ।
શમો, વિચાર, સંતોષ ચતુર્થ સાધુસડગમ ॥

મોક્ષ મંદિરના દરવાજા પર ચાર ચોકીદાર ખડા હોય છે શમ, વિચાર, સંતોષ તથા સત્સંગ- આ ચારની અનુસાથી મુક્તિ મંદિરમાં પ્રવેશ મળે છે.

- શંકરાચાર્ય

સનાતન હિંદુ ધર્મ તથા તેના પર આધારીત ભારતીય સંસ્કૃતિમાં મોક્ષને પરમ પુરુષાર્થ માનવામાં આવે છે. ચાર પુરુષાર્થમાં તે અંતિમ પુરુષાર્થ છે. ધર્મના સહારે અર્થ તથા કામને પાર કરી માનવી મોક્ષના દરવાજા પાસે પહોંચે છે. હિંદુ ધર્મ, જૈન દર્શન તથા બૌધ્ધમાં પણ મોક્ષ કે નિર્વાણ છે. મોટા ભાગના ભારતીયોની અંતિમ ઈચ્છા ગંગા સ્નાન તથા મુક્તિ મેળવવાની હોય છે. આપણે તો પુનઃર્જન્મોમાં માનીએ છીએ. ખ્રિસ્તી તથા ઈસ્લામમાં પુનઃજન્મ તથા મોક્ષ વિષયક કોઈ વિભાવના નથી. હિંદુ ધર્મના તમામ સંપ્રદાયોમાં મુક્તિની વિભાગવના તથા તે પ્રાપ્ત કરવા માટે સતત જાગૃત રહેવાની આજ્ઞાઓ છે જે મોક્ષ એટલે જન્મ-મરણના ફેરામાંથી પૂર્ણ રીતે મુક્ત. ચૌર્યાસી લાખ યોનીમાં ભટકયા પછી આ માનવ-દેહ મળે છે. તેવું પુરાણોમાં જણાવાયું છે. માત્ર માનવ દેહમાં જ મુક્તિ કે મોક્ષ માટે પ્રયત્નો થઈ શકે છે. માનવ જન્મ સિવાયની યોનીતો માત્ર ભોગ યોગની છે. તેમાં તો માત્ર વિષય ભોગની પ્રવૃત્તિ જ થઈ શકે છે. માત્ર આ જન્મમાં જ મોક્ષ માટે પ્રયત્ન કરવાનો અવસર મળે છે. નકામા કાર્યોમાં રત્ન ચિંતામણીરૂપ આ જન્મ વેડફવો તે નીંદનીય વાત ગણાય. તમામ શાસ્ત્રો, મહંતો તથા સંતોનો એક જ ઉપદેશ છે કે મુક્તિ મારે વિવેક કેળવી ચિંતન- મનન દ્વારા- ભક્તિ તથા આરાધના દ્વારા. કથા શ્રવણ દ્વારા - કોઈપણ રીતે મોક્ષના માર્ગ પર પગલાં પાડવા પ્રયત્નશીલ રહેવું. આ જન્મ મરણના ફેરામાંથી મુક્ત થયેલો જીવ ક્યાં જાય છે? મોક્ષધામ ક્યાં આવેલું છે? તે કેવું છે? ત્યાં જવાનો માર્ગ ક્યો? આવા પ્રશ્નો મનમાં થાય સૌ પ્રથમ જો માર્ગનો વિચાર કરીએ તો દેવયાન તથા પિતૃયાન જેવા બે માર્ગ ગીતામાં જણાવાયા છે. તેમાં દેવયાન મોક્ષધામ તરફ જાય છે. આવું કોઈ સ્થાન અસ્તિત્વમાં છે કે કેમ તે વિચારીએ તો ખુદ ભગવાને કહ્યું છે, યદગત્વા ન નિવર્તતે તદધામ મમ । એટલે આવું ધામ છે પણ ક્યાં છે બગવાને નથી જણાવ્યું. આ અંગે વિવિધ સંપ્રદાયોમાં અલગ અલગ મતંવ્યો છે. આપણે સ્મશાનને જ મુક્તિધામ કહીએ છીએ. વૈષ્ણુ, વિષ્ણુલોકમાં વસે છે. ગો લોકમાં રાસલીલા સતત ચાલે છે. સાચા ભક્ત વિમાનમાં બેસી આ લોકમાં જાય છે તે ત્યાંથી પાછા ફરતા નથી. સ્વામીનારાયણ સંપ્રદાયના મત મુજબ શ્રી. જી. મહારાજ અક્ષરધામમાં પરમહંસો સાથે વસે છે ને પોતાના ભક્તોને સેવામાં રાખે છે. શૈવ સંપ્રદાયમાં તો કૈલાસ એ જ મોક્ષધામ છે. અને ભગવાન શિવ ભકતને પોતાના ગણ તરીકે સ્થાપે છે. ગોલોક, વિષ્ણુલોક અને અક્ષરધામ અંલરિક્ષમાં આવેલા છે. અને ત્યાં પરમાત્મા વસે છે. બીજારમાન છે. ગુરુડ પુરાણમાં મોક્ષ-નગરીનું વર્ણન છે. તેમાં જણાવ્યા પ્રમાણે આ નગરી અયોધ્યા- દ્વારકા અને લંકાથી ચઢિયાતી છે. સામાન્ય જીવ તેમાં પ્રવએશ પામતા નથી. આ સ્થાનો સ્વર્ગે અને નરક કરતાં તદ્દન અલગ છે. કારણ કે પુન્યનો ક્ષય થવાથી સર્વગમાંથી અને પાપ ભોગવાય જવાથી નર્કમાંથી પાછા પૃથ્વી પર જન્મ લેવો પડે છે. જયારે મોક્ષ પછી જન્મ લેવાનો રહેતો નથી. કઠ ઉપનિષદમાં ભગવાનના આ સ્થાનને સૂર્ય, ચંદ્ર, વિદ્યુત કે અગ્નિ પ્રકાશીત કરી શકતા નથી તે સ્વયં પ્રકાશિત છે તેમ જણાવ્યું છે. મુક્તિ અંગેની આ માન્યતા સ્થાન પરત્વેની છે. ત્યાં પહોંચવા માટે જે કર્મો કરવા પડે. નિયમો પાળવા પડે તે અલગ વાત છે. ભક્તિ માર્ગ અથવા તો દ્વૈત- સિદ્ધાંતમાં માનનારાની મોક્ષધામ અંગેની વિભાવના જોઈ. જ્ઞાન માર્ગના ઉપાસકોની વિભાવના તદ્દન અલગ પડે છે.

આ સિદ્ધાતમાં આત્માને જ પરમાત્મા માનવામાં આવે છે પરમાત્મા કોઈ અન્ય આ આત્મથી જુદું તત્વ નથી. તેથી તેની માટે કોઈ અલગ અધિષ્ઠ પણ નથી. દેહમાં જ તેનો વાસ છે માટે તેનું અધિષ્ઠાત પણ દેહ જ ગણાય. આચાર્ય શંકરાચાર્ય કહે છે, ન મોક્ષ નભસે, ન પાતાલે, ન ભૂતલે, અજ્ઞાન હૃદયનાશો મોક્ષ ઈતિ અનુષ્યતે । મોક્ષ આકાશ પાતાળ કે પૃથ્વીપર ક્યાંય નથી. અજ્ઞાનો નાશ થાય તે મોક્ષ કહેવાય. આચાર્ય મોક્ષને કોઈ સ્થાન કરતાં મનની સ્થિતિ સાથે જોડે છે એક અન્ય ગ્રંથમાં જણાવ્યું છે કે, 'ચિત ચલિત સંસારા ચિત નિશ્ચલ મુક્તિ ॥' ચિતની ચંચળતા જ સંસાર સર્જે છે, જો ચિત શાંત થઈ જાય તો તે જ મોક્ષ છે. આથી જ્ઞાન માર્ગીય વિચારધારામાં મોક્ષએ માનસિક સ્થિતિ છે. હૃદયની તમામ ગ્રંથિઓનું ભેદન થઈ જાય. જ્યારે વ્યક્તિ તમામ કામનાઓથી મુકત બને ત્યારે મુક્તિનો આનંદ જ અનુભવે છે.

'ભજ ગોવિન્દમ' એ જાણીતા સ્તોતમાં પણ 'જ્ઞાન વિના સો જન્મ પણ મુક્તિ ના મળે' તેમ જણાવ્યું છે. અહીં જ્ઞાનનો અર્થ આત્મા સ્વરૂપની સ્પષ્ટ ઓળખ. આ દેહ હું નથી તેવું સ્પષ્ટ જ્ઞાન. મન તમામ તરંગોથી મુક્ત બને. રમણ મહર્ષિ જે સ્થિતિને મનોલય કહે છે તે સ્થિતિ એ મુક્તાવસ્થા છે. ગીતાજીમાં પણ જણાવાયું છે કે તમામ પ્રકારની કામનાઓનો અંત આવતાં માનવી મોક્ષ પામે છે. જયાં કંઈ ઈચ્છવાનું રહેતું નથી. તૈતિરેય ઉપનિષદમાં આનંદને બ્રહ્મ ગણાવી બ્રહ્માનંદની પ્રાપ્તિ માટે યત્ન કરવા જણાવે છે. શાસ્ત્રોમાં પ્રયોજાયેલા વિદેહ જીવનમુક્ત કે પરમહંસ જેવા શબ્દો દર્શાવે છે કે મોક્ષ એ માનસિક અવસ્થા છે. મોક્ષધામ અંતરિક્ષમાં ક્યાંય આવું નથી. મોક્ષ માટે ત્યાર તથા તીતિક્ષાને મહત્વના સાધન માનવામાં આવ્યા છે. ખટ્ સંપત ધરાવનારને જ સાચા મુમુક્ષ ગણવા તેવું, 'બ્રહ્મસક્ષમાં જણાવાયું છે. આમ મોક્ષ અને તેના સ્થાન વિષયક ઘણા શ્લોકો મળે છે.

આ ઉપરોક્ત બે વિચારધારામાંથી ગમે તે માર્ગ પર ગમન કરી જો આપણે મોક્ષ-મંદરિના દરવાજા પાસે આવી ગયા તો આ પાર ચોકીદારોને વટાવવા પડવાના. એ આ યુગના ચોકીદાર નથી તેથી કોઈ ટૂંકો માર્ગ લઈ શકાય કે તેઓને ગફલતમાં નાખી શકાય. મોક્ષ મંદિરના પગથિયે જ જો ન અટકવું હોય તો આ ચોકીદારોને સમજવા પડે. જરા વિચારો તો જણાશે કે ચોકીદાર બહાર નથી આપણા ચિતન છે .તેથી તે અવસ્થા પ્રાપ્ત કરવાથી જ્ઞાન મળે. તેમાં પ્રથમ છે 'શમ'

શમ-દમ-યમ- નિયમ- આ શબ્દો યોગ શાસ્ત્રના છે. 'શમ'નો સંબંધ માનસિક સ્થિતિ સાથે છે. શમ એટલે વિચારોની શાંતિ આપણા કોધાદિ આવેગો પરનો કાબુ. આવેગો પર કાબૂ મેળવવા મનનું નિયંક્ષણ કરતાં આવડવું જોઈએ. સામી વ્યક્તિ પોતાની મરજી મુજબ આપણને ક્રોધિત કરે, રડાવે કે ગૂંચવે તો પછી આપણા વ્યક્તિત્વનું શું? મનમાં વારંવાર આવેગો ઉછળતા રહે. કામનાઓના મોજાઓ ઉભરાયા કરે. તો મન ક્યારેય શાંત ન થાય. જ્ઞાન માત્ર ત્યાગ કરવાથી મળે છે. ત્યાગાત્ શાંતિ અન્તતરમ- એવું ગીતા વાકય છે. માટે મનને શાંત નિયંત્રિત રાખવું. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, જે માનવીએ જીવન દરમિયાન કોધાદિ આવેગો સહન કરે છે તે સાચો કર્મનિષ્ઠ જ્ઞાની છે. શ્રઈમાન અરવિંદ યોગીશ્રીએ પણ મનની અવસ્થા કરતાં આગળ ઉઠવાની વાત કરી છે.

વિચાર એ અન્ય તત્વ છે. વિચાર એટલે આપણે બેઠાં બેઠાં જે અનુભવીએ છીએ તે કલ્પનાના તરંગો નહીં વિચારનો અર્થ વિવેકની જાગૃતિ તેવો થાય છે. વિવેક જાગૃત થતાં જ આપણને સદ્-અસદ્ તત્વની સમજ પડે છે. દેહ તો નાશવંત છે અને દેહાંતરની સ્થિતિ આવે છે. આત્મા અચળ- અવિનાશી છે જે આપણું સાચું સ્વરૂપ છે. દેહા ધ્યાસ વિવેક છૂટી જાય છે. વિવેકને કારણે વિષયોમાંથી રસ તદ્દન મુકાઈ જાય છે. ભર્તુહરીના સૂચવ્યા પ્રમાણે ભોગો જીર્ણ થતા નથી આપણે જ ભોગવાઈ જઈએ છીએ. એ જ્ઞાન થાય છે. આવું જ્ઞાન થતાં મન મોક્ષ માટેના માર્ગ શોધી. સદ્‌ગુરુના શરણે જાય છે.

સંતોષ મહાન સદ્‌ગુણ છે તે માટે તો વારંવાર ઘણું કહેવામાં આવે છે. આ જગતની તમામ દોડધામ પાછળ અસંતોષની વૃત્તિ જ કારણભૂત છે. સંતોષી નર સદા સુખ એમ કહેવત છે. ગીતાજીમાં ભક્તના લક્ષણ ગણાવતા પણ સંતુષ્ટ શબ્દ છે. સંતોષ વ્યક્તિના મનોભાવ સાથે જ જોડાયેલ છે. કેટલાક માણસો પાસે જરૂરીયાત કરતાં વધારે હોય તો પણ અસંતોષ સેવે છે. જયારે વિરલાજન અલ્પમાં મન આપોઆપ સ્થિરતા અનુભવે. ઉપરોક્ત ત્રણ શમ-વિવે-ને સંતોષ જીવમાં ક્યારે આવે, જ્યારે સત્સંગ થાય તો એટલે સાધુનો સંગ- સત્સંગ મોક્ષ માટે સૌથી મહત્વની બાબત છે. જીવને બંધન મુક્ત કરાવવામાં સત્ સંગ અપેડ ઔષધ છે. તુલસીદાસજીના જણાવ્યા પ્રમાણે તો માત્ર અર્ધઘડી તો સત્સંગ કોટી પાપનો નાશ કરે છે. સત્સંગથી ચિત્ત સાવ નિર્મળ બને છે. મનનાં મેલ ધોવાઈ જાય છે. સંતો તો શુદ્ધ માર્ગદર્શકો છે. કથા શ્રવણ- સદ્- ગ્રંથોનો સ્વાધ્યાય સદ્‌ગુરુનો ઉપદેશ તથા સજ્જનો સાથેની સંગત મનને પવિત્ર બનાવનાર છે.

મોક્ષધામ માટે જે પણ વિચાર કરતા હોઈએ, તેને કાંઈ સ્થાન માનીએ કે મનની અવસ્થા- પરમાત્માને કોઈ સ્થાન વિશેષમાં બિરાજમાન માનીએ કે ઘટ ઘટમાં વ્યાપેલ, પરમ તત્વને જાણવા માટે સતત જાગૃતિ, વિવેક, સંયમને સાધુ સંગ કેળવવા પડે. મૃત્યુબાદ મોક્ષ મેળવવાનો હોય કે સદેહે- કેટલાક નીતિ- નિયમો પાળવા જ પડે. ત્યાગ, શાંતિ અને વિવેકપૂર્ણ જીવન, યોગ્ય માર્ગનું અનુસરણ, સદ્‌ગુરુનું શરણ ઈત્યાદિ સાધનો દ્વારા મોક્ષ પમાય છે.